પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૮ | ૨૯ એપ્રિલ, ૨૦૧૯, સોમવાર; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ન્યુઝ ટ્રેક

ટિહરી પેપર મીલમાં આગ

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં ટિહરી પેપર મીલમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ભીષણ આગના કારણે અહીં લાખોનું નુકશાન થયું છે. કેટલાય જિલ્લાઓમાંથી ફાયરબ્રિગેડની ગાડીઓ બોલાવી આગ પર માંડ માંડ કાબુ મેળવી શકાયો હતો.

ઈન્ડોનેશિયામાં ભારે પૂર

ઈન્ડોનેશિયાના સુમાત્રામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા છે. અહીં ભારે પૂરના કારણે હજારો લોકો બેઘર બન્યા છે. પૂર પ્રભાવિત ક્ષેત્રોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી ચાલી રહી છે.

બેજવાબદાર ચાર અધિકારીઓ ફરજીયાત સેવાનિવૃત્ત

સારૂ પ્રદર્શન ન કરવાવાળા અને સરકારી નોકરીઓ પર બોજ બનેલા અધિકારીઓના સર્વિસ રેકોર્ડની તાજેતરમાં ચકાસણી કરવામાં આવી હતી. આ ચકાસણી દરમ્યાન ચાર આઈએએસ અધિકારીઓ બેજવાબદાર પૂરવાર થતાં તેઓને ફરજિયાત સેવાનિવૃત્ત કરવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેનમાં ચોરીના કિસ્સા પાંચ ગણા વધ્યા

પાછલા દસ વર્ષમાં રેલ યાત્રિકોએ ટ્રેનમાં ચોરીની ૧.૭૧ લાખ ફરિયાદ નોંધાવી છે. રેલ મંત્રાલયના આંકડાઓમાં ચોરીના આંકડાઓમાં પાંચ ગણો વધારો થયો એમ જણાય છે.

આજે ૯ રાજ્યોની ૭૧ બેઠક પર મતદાન

સૌથી વધુ મહારાષ્ટ્રની ૧૭, યૂપીની ૧૩, રાજસ્થાન, ૧૩, મધ્યપ્રદેશ ૬, પશ્ચિમ બંગાળની આઠ બેઠકોનો સમાવેશ : સલમાન ખુર્શીદ, ડિમ્પલ યાદવ, કનૈયા કુમાર, સાક્ષી મહારાજ, ઉપેન્દ્ર કુશવાહ સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ ઇવીએમમાં કેદ થશે, કુલ ૯૪૩ ઉમેદવારો મેદાનમાં

નવીદિલ્હી, તા. ૨૮

લોકસભાની ચૂંટણીના ચોથા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. આને લઈને ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મતદાનને લઈને તમામ રાજ્યોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આવતીકાલે ચોથા તબક્કાના મતદાનમાં દેશના નવ રાજ્યોને આવરી લેતી ૭૧ સીટ ઉપર મતદાન થશે. ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં તમામ સાત તબક્કામાં મતદાન થનાર છે. મુખ્યરીતે ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનની સામે જુદા જુદા રાજ્યોમાં કોંગ્રેસ, ડાબેરીઓ, ક્ષેત્રિય પક્ષો વચ્ચે ટક્કર છે. વિપક્ષી દળો સતત ભગવા પાર્ટીની સામે મતદાનના વિભાજનને રોકવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. ચોથા તબક્કામાં જ્યાં મતદાન યોજાનાર છે તેમાં બિહારની પાંચ સીટો દરભંગા, ઉજિયારપુર, સમસ્તીપુર, બેગુસરાય અને મુંગેરનો સમાવેશ થાય છે. રાજસ્થાનની ૧૩ સીટો ઉપર સવાઈમાધોપુર, અજમેર, પાલી, જોધપુર, બાડમેર, જાલોર, ઉદયપુર, બાંસવાડા, ચિત્તોડગઢ, રાજસંમન, ભિલવાડા, કોટા, ઝાલાવાડ-બારનનો સમાવેશ થાય છે. આ ૧૩ સીટો ઉપર આવતીકાલે રાજસ્થાનમાં મતદાન યોજાશે. ઉત્તરપ્રદેશની પણ ૧૩

● અનુસંધાન પાન-૭ પર

કયા મહારથી મેદાનમાં

- ગિરીરાજસિંહ (કેન્દ્રીયમંત્રી, ભાજપ)
- કનૈયાકુમાર (જેએનયુના પૂર્વ લીડર)
- મિલિંદ મુરલી દેવરા (પૂર્વ કેન્દ્રીયમંત્રી)
- ડિમ્પલ યાદવ (સપા વડા અખિલેશના પત્નિ)
- મુનમુન સેન (સંસદ સભ્ય)
- સલમાન ખુરશીદ (કોંગ્રેસના નેતા)
- બાબુલ સુપ્રીયો (ભાજપ લીડર)
- પ્રિયા દત્ત (પૂર્વ સંસદ સભ્ય)
- ઉપેન્દ્ર કુશવાહ (પૂર્વ કેન્દ્રીયમંત્રી)
- એસએસ આહલુવાલિયા (કોંગ્રેસી નેતા)
- ગજેન્દ્રસિંહ શેખાવત (ભાજપ લીડર)
- ઉર્મિલા માંતોડકર (કોંગ્રેસી લીડર)
- નિત્યાનંદ રોય (ભાજપ એકમના વડા)
- સુભાષ ભાંમરે (વરિષ્ઠ નેતા)

ભાજપના ઉમેદવારો માટે ગ્રેટ ખલી દ્વારા પ્રચાર

કોલકાતા, તા. ૨૮

તૃણમુલ કોંગ્રેસે રેસલર દ ગ્રેટ ખલી દ્વારા ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કરવામાં આવ્યા બાદ નારાજગી વ્યક્ત કરી છે. ટીએમસીએ ચૂંટણી પંચે પત્ર લખીને કહ્યું છે કે, ખલી અમેરિકી નાગરિક છે અને એક વિદેશી નાગરિકને ભારતીય મતદારોને પ્રભાવિત કરવા માટે મંજુરી આપી શકાય નહીં. ખલીએ ગયા શુક્રવારના દિવસે જાદવપુરમાંથી ભાજપના ઉમેદવાર અનુપમ હજારાના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરીને તમામને ચોંકાવી દીધા હતા. ટીએમસીએ ચૂંટણી પંચને પત્ર લખીને આની સામે વાંધો ઉઠાવ્યો છે અને કહ્યું છે કે, ખલી અમેરિકી નાગરિક છે.

વિદેશી લોકોને ભારતીય મતદારોને પ્રભાવિત કરવાની તક આપવી જોઈએ નહીં. ખલીએ કહ્યું હતું કે, અનુપમ હજારા મિત્ર તરીકે છે અને તેમના માટે મિત્રતા પાર્ટીથી ઉપર છે. પ્રચાર દરમિયાન ખલીએ કહ્યું હતું કે, અનુપમ ગરીબોની પીડા સમજે છે અને

● અનુસંધાન પાન-૭ પર

શ્રીલંકા બ્લાસ્ટના કનેક્શન ભારતમાં : બેની અટકાયત

કેરળમાંથી બે યુવાનોની ધરપકડ : ઝડપાયેલા બંને શખ્સોના શ્રીલંકા બોમ્બ બ્લાસ્ટના પ્રમુખ કાવતરાખોરો સાથે સીધા સંબંધો

નવી દિલ્હી, તા. ૨૮

શ્રીલંકામાં ઈસ્ટરના પ્રસંગે કરવામાં આવેલા સિરિયલ બોંબ બ્લાસ્ટના કનેક્શન ભારત સાથે પણ નિકળી રહ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. આ સંબંધમાં ભારતીય તપાસ સંસ્થાએ બે યુવાનોની ધરપકડ કરી છે. બંનેની હાલમાં પુછપરછ ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ બંને યુવાનોને કાસરગોડ જિલ્લામાંથી પકડી લેવામાં આવ્યા છે. આ વિસ્તારમાં અગાઉ પણ કેટલાક કટ્ટરપંથીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ વિસ્તારમાંથી અનેક યુવાનો

● અનુસંધાન પાન-૭ પર

નવી ચલણી નોટો જલદી ઓળખી શકાતી નથી: મુંબઈ હાઈકોર્ટની ટકોર

મુંબઈ,તા.૨૮

ભારતીય રિઝર્વ બેંક (કેન્દ્ર સરકાર)એ બહાર પાડેલી નવી ચલણી નોટો વિશે મુંબઈ હાઈકોર્ટે ખાસ ટકોર કરી છે. કોર્ટનું કહેવું છે કે આ નવી નોટો જલદી ઓળખી શકાતી નથી. મુખ્ય ન્યાયમૂર્તિ પ્રદીપ નંદરાજોગ તથા ન્યાયમૂર્તિ નીતિન જામદારની બેન્ચે એવું અનુમાન વ્યક્ત કર્યું છે કે અંધ વ્યક્તિને તો શું, પણ આંખે દેખતા લોકોથી પણ નવી ચલણી નોટો જલદી ઓળખી શકાતી નથી. અંધજન વ્યક્તિઓ નવી ચલણી નોટો જલદી ઓળખી શકે એ માટે ડેવલપ કરવામાં આવેલી મોબાઈલ એપમાં હજી વધારે સુધારા કરવાનો કોર્ટે ભારતીય રિઝર્વ બેંકને આદેશ આપ્યો છે.

નોટબંધી બાદ દેશમાં ચલણમાં મૂકવામાં આવેલી નવી નોટો કેટલા મૂલ્યની છે એ સ્પર્શથી ઓળખવા માટેના આવશ્યક ફીચર્સ ન હોવાની રજૂઆત નેશનલ એસોસિએશન ઓફ બ્લાઈન્ડ્સ સંસ્થા વતી હાઈકોર્ટમાં જનહિતની અરજી કરવામાં આવી છે.

રાજ્યમાં ગરમીનો કાળો કેર

પારો ૪૭ સુધી ગયો : કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન ૪૬.૮ સુધી પહોંચી ગયો : અમરેલી, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગરમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચતા ગરમીથી લોકો ત્રાહિમામ : અમદાવાદમાં આજે પારો ૪૪ : જનજીવન ઠપ્પ

અમદાવાદ,તા. ૨૮

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીનો કાળો કેર જારી રહ્યો છે. આજે પણ આગઝરતી ગરમીના કારણે લોકો ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. જો કે, આજે રવિવાર હોવાથી રજાનો માહોલ રહેતા બિનજરૂરીરીતે લોકો ઘરની બહાર નિકળ્યા ન હતા. એસી અને પંખાનો ઉપયોગ દિવસભર કરવામાં આવ્યો હતો. કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૭ સુધી પહોંચી ગયો હતો જેથી હાહાકાર મચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો આજે સતત ૪૪થી ઉપર રહ્યો હતો જેમાં અમરેલીમાં ૪૪.૬, વડોદરામાં ૪૪.૪, રાજકોટમાં ૪૪, સુરેન્દ્રનગરમાં ૪૪.૭ સુધી પારો પહોંચ્યો હતો જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૭ સુધી પહોંચી ગયું હતું. અમદાવાર આવતીકાલે પારો ૪૪ રહેવાની આગાહી કરવામાં આવી છે. તીવ્ર હિટવેવની સ્થિતિ દક્ષિણ ગુજરાતના વલસાડ અને અન્ય વિસ્તારોમાં જોવા મળી રહી છે. બીજી બાજુ સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, વેરાવળ, દિવ, ભાવનગર, કચ્છમાં પણ લોકોની હાલત કફોડી બની ગઈ છે. દક્ષિણ ગુજરાતના સુરતમાં પણ લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. અહીં પારો ૪૩.૬ સુધી પહોંચ્યો છે. ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી

● અનુસંધાન પાન-૭ પર

આગામી સપ્તાહે બ્રહ્મોસ મિસાઈલનું પરીક્ષણ કરાશે

ન્યુ દિલ્હી,તા.૨૮

ડીઆરડીઓ દ્વારા વિકસિત બ્રહમોસ મિસાઈલનું આ પરીક્ષણ આવનારા થોડાંક દિવસોમાં સુખોઈ લડાકુ વિમાનથી થઈ શકે છે. ભારતીય વાયુસેનાના સૂત્રો એ કહ્યું કે એરફોર્સની યોજના છે કે ૪૦ સુખોઈ-૩૦MKI લડાકુ વિમાનોમાં બ્રહ્મોસ મિસાઈલ ફિટ કરવામાં આવે, જેથી કરીને જરૂર પડવા પર લાંબા અંતરથી જ તેનો ઉપયોગ દુશ્મનની વિરૂદ્ધ કરી શકાય. ભારતીય વાયુસેના અને ડીઆરડીઓ આવતા સપ્તાહે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની હવાથી લોન્ચ કરનાર વર્ઝનનું પરીક્ષણ કરવાની યોજના બનાવી રહ્યાં છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

બેસણું

અમારા નાનાભાઈ **પટેલ નરસિંહભાઈ હંસરાજભાઈ ગોગારી** અને તેમના ધર્મપત્ની **પટેલ નર્મદાબેન નરસિંહભાઈ ગોગારીનું** તા. ૨૬/૪/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્ગતનું બેસણું તા. ૩૦/૪/૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : જી.આઈ.ડી.સી. એસોસીએશન કોમ્યુનિટી હૉલ, સેક્ટર-૨૮, ગાંધીનગર

લી.

પરસોત્તમ હંસરાજભાઈ પટેલ **રાજારામ હંસરાજભાઈ પટેલ**

પ્રદીપકુમાર નરસિંહભાઈ પટેલ (પુત્ર)

ફર્મ : કર્મયોગ પ્લાય એન્ડ હાર્ડવેર, સે.૨૮ જી.આઈ.ડી.સી., ગાંધીનગર